અપીલ અરજી નં.૩૫૦ તા.૨૧–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સચીન એસ.માહેશ્વરી
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સચીન એસ.માહેશ્વરીની તા. ૨૦–૯–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) પાંડેસરા ચાર રસ્તા/ પિયુષ કોમ્પલેક્ષ ચાર રસ્તાથી દક્ષેશ્વર મંદિર, પાંડેસરા સુધી જે સિમેન્ટ કોંક્રીટનો નવો રોડ બનાવવામાં આવેલ છે તે રોડ પર જલારામ ઈન્ડ સોસાયટી સામે આવેલ શિવગંગા હોસ્પીટલને લાગીને આવેલ મહાદેવ કોમ્લેક્ષમાં ગેરેજ ધ્વારા રીપેર કરવામાં આવતાં વાહનો જે સદરહું નવા બનાવેલ ૪૦ ફુટના રોડ પર આશરે ચૌડાઈ ૨૦ ફુટનો / ૨૦ ફુટથી વધારે અને લંબાઈ આશરે ૮૦ ફુટનો જે દબાણ કરવામાં આવેલ છે તે દુર કરવાની જવાબદારી કયા અધિકારીની છે ? મુદ્દા નં. (૨) જો સદરહુ અધિકારી ધ્વારા ગેરેજ વાળાઓ ધ્વારા રોડ પર મુકવામાં આવતાં ટેમ્પો/અન્ય વાહનો વિગેરે ઉભા ન કરવામાં આવે તે માટે જો કોઈ જરૂરી કાર્યવાહી ન કરવામાં આવે તો તે સંદર્ભમાં કોણે અપીલ કરી શકાય? તેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૧–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૫૦/૨૦૧૧–૧૨

શ્રી સચીન એસ.માહેશ્વરીની તા. ૨૦–૯–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) પાંડેસરા ચાર રસ્તા/ પિયુષ કોમ્પલેક્ષ ચાર રસ્તાથી દક્ષેશ્વર મંદિર, પાંડેસરા સુધી જે સિમેન્ટ કોંક્રીટનો નવો રોડ બનાવવામાં આવેલ છે તે રોડ પર જલારામ ઈન્ડ સોસાયટી સામે આવેલ શિવગંગા હોસ્પીટલને લાગીને આવેલ મહાદેવ કોમ્લેક્ષમાં ગેરેજ ધ્વારા રીપેર કરવામાં આવતાં વાહનો જે સદરહું નવા બનાવેલ ૪૦ ફુટના રોડ પર આશરે ચૌડાઈ ૨૦ ફુટનો / ૨૦ ફુટથી વધારે અને લંબાઈ આશરે ૮૦ ફુટનો જે દબાણ કરવામાં આવેલ છે તે દુર કરવાની જવાબદારી કયા અધિકારીની છે ? મુદ્દા નં. (૨) જો સદરહુ અધિકારી ધ્વારા ગેરેજ વાળાઓ ધ્વારા રોડ પર મુકવામાં આવતાં ટેમ્પો/અન્ય વાહનો વિગેરે ઉભા ન કરવામાં આવે તે માટે જો કોઈ જરૂરી કાર્યવાહી ન કરવામાં આવે તો તે સંદર્ભમાં કોણે અપીલ કરી શકાય? તેની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ના પત્ર નં. સા.ઝોન/ટેક/ ૪૪૨ તા.૧૦–૧૦–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૧–૧૦–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા સાથે રોડ પરના વાહનના દબાણ દુર કરવા અંગે કોઈ લેખિત માર્ગદર્શિકા હોય તો નકલ સહ રજુ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૩૧ તા.૫–૧૧–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને જાહેર માહિતી અધિકારી ઉધનાના તા. ૧૦–૧૦–૧૧ના આપને પાઠવેલ પ્રત્યુત્તર " ટ્રાફિક વિભાગની " જવાબદારી સામે આપના ' સુરત મહાનગરપાલિકાની ' જવાબદારીના –દાવા અંગે ઉપલબ્ધ હોય તો આધાર રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૯૯૬ તા.૨૪–૧૦–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/ટેક./૪૪૨ તા.૧૦–૧૦–૧૧ ના પત્રની નકલ,મુળ અરજીની નકલ, ફી ભર્યાની રસીદ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતોઅત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૦–૯–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૪૪૨ તા.૧૦–૧૦–૧૧ થી " મહાદેવ કોમ્પલેક્ષ ના સામેના ભાગમાં મુકાતા વાહનોનું દબાણ દુર કરવાનું કાર્ય ઉધનાઝોનની કચેરીના કાર્યક્ષેત્રમાં આવતું નથી. રસ્તા ઉપર લારી/ગલ્લા ધ્વારા દબાણ કરવામાં આવે તે દુર કરવાનું કાર્ય ઉધનાઝોનની કચેરીના કાર્યક્ષેત્રમાં આવે છે. વાહનો ધ્વારા કરાતું રોડ ઉપરનું દબાણ દુર કરવાનું કાર્ય ટ્રાફીક પોલીસ વિભાગના કાર્યક્ષેત્રમાં આવે છે."તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલ તબકકે ગેરેજ મીકેનીક ધ્વારા રોડ પર રીપેર થતા વાહનો અંગે જવાબદારી કોની? સદરહુ કોમ્પલેક્ષ માં ગેરેજ મીકેનીકો ધ્વારા રોડ પર અને કોમ્પલેક્ષ ની સામે જે ટેમ્પો વિગેરે રીપેર કરવામાં આવે છે તે ટેમ્પો બંધ હાલતમાં અને કેટલાક તો ટાયર વગર હોય ટ્રાફીકવાળા સદરહુ વાહન લઈ જતાં નથી અને એસએમસી ધ્વારા જવાબ આપવામાં આવે છે કે તે ટ્રાફીક વિભાગની જવાબદારી છે. સદરહુ વાહનો પાર્કીગ માટે નહીં પણ રીપેર માટે ૧૦ થી ૧૫ દિવસ બંધ હાલતમાં એક જ જગ્યા

પર ઉભા રહેતા હોય લોકોના આરોગ્યને ગંદકીને લીધે જોખમ હોય એસએમસીની જવાબદારી બનતી હોય તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જે અંગે અરજદારને જાહેર માહિતી અધિકારી ઉધનાના તા. ૧૦–૧૦–૧૧ના આપને પાઠવેલ પ્રત્યુત્તર '' ટ્રાફિક વિભાગની '' જવાબદારી સામે આપના ' સુરત મહાનગરપાલિકાની ' જવાબદારીના –દાવા અંગે ઉપલબ્ધ હોય તો આધાર રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી કોઈ આધાર કે સમર્થન રજૂ કરેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૯–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પડાયેલ હોય અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. વાહનોના કારણે લોકોના આરોગ્યને ગંદકીને લીધે જોખમ બાબતની ફરીયાદ સુ.મ.ન.પા.ના સક્ષમ સત્તાધીશને અલાયદી કરવા અરજદાર સ્વતંત્ર છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) જાણ તથા અમલ માટે....
(૨) શ્રી સચીન એસ. માહેશ્વરી